# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૩/૧૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર અને એનએસઆઈસી વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર થયા લઘુ ઉદ્યોગોને મદદરૂપ થવા એનએસઆઈસીનું મહત્વનું પગલું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એનએસઆઈસી વચ્ચે એક એમઓયુ થયું હતું,જેમાં લઘુઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટેનિ એનએસઆઈસીની યોજનાઓનો અમલ ચેમ્બર કરશે એવું નકકી થયું હતું.

દિલ્હીથી પધારેલા નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર ડૉ. એચ.પી. કુમારે કહયું હતુ કે સુરતમાં મળેલા આવકારથી પ્રભાવિત થયો છુ. એમાય સુરતના ઉદ્યોગકારોને સુરતથી જે લગાવ છે તે ઘ્યાન ખેંચનારો છે. સુરતનો વિકાસ અને સમૃધ્ધિ કોઈને પણ પ્રભાવિત કરી શકે તેવા છે સામા પક્ષે એન.એસ.આઈ.સી.નો અભિગમ પણ સંપુર્ણ પણે વ્યવસાયિક છે.એનએસઆઈસી એ ઉદ્યોગોને નાણાકિય મદદ આપતી નથી પરંતુ એ ઉદ્યોગો માટે ફેસિલીયેટરની કામગીરી કરે છે.લઘુઉદ્યોગો માટે માર્કેટીંગ તથા બેંકલોન મેળવી આપવામાં મદદરૂપ અને ઉત્પાદન અંગેનું

પ્રમાણપત્ર આપવા જેવી કામગીરકિરે છે.ચેમ્બરની મદદથી એનએસઆઈસી આ કામગીરી વધુ વ્યાપકપણે કરી શકશે અને અહીંના ઉદ્યોગોને મદદરૂપ થશે. એન.એસ.આઈ.સી. પાસે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવાની અનેક

યોજનાઓ છે અને ચેમ્બર પણ એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેલ શરૂ કરી રહયુ છે ત્યારે આ જોડાણ ખૂબ મહત્વનો બની રહેશે. લઘુઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના અને એમ.એસ.એમ.ઈ. સેકટરના વિકાસમાં આ એમ.ઓ.યુ. મહત્વન

ભાગ ભજવશે. આ એમ.ઓ.યુ. મુજબ એન.એસ.આઈ.સી. ચેમ્બર ધ્વારા યોજાતા પ્રદર્શનોમાં પણ મદદરૂપ થશે તેમજ ટેકનોલોજીની દ્રષ્ટીએ ઈનોવેશન લાવવાના પ્રયાસો માટે જો ચેમ્બર પોતાના પ્રતિનિધિ મંડળ વિદેશ મોકલવા ચાહે તો તેની સ્પોન્સરશીપ એન.એસ.આઈ.સી. લઈ શકશે અને સર્વિસ ટુ ધી પીપલ ના આશય સાથેનો આ એમ.ઓ.યુ. આજે થયો છે જે ખૂબજ આનંદની વાત છે.

આ સમારંભમાં ધી નેશનલ સ્મોલ ઈન્સ્ટ્રીઝ કોપોરેશન લી. ના ચેરમેન અને મેનેજિંગ ડીરેકટર ડૉ. એચ.પી. કુમાર અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ એનએસઆઈસી અને ચેમ્બર વચ્ચે થયેલા એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા હતા અને એમઓયુનું આદાનપ્રદાન કર્યું હતું.

કાર્યક્રમના આરંભેપ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિતોને આવકાર આપી પોતાના વકતવ્યમાં કહયું હતું કે,આજના આપણા મહેમાન અને એનએસઆઈસીના સીએમડી ડૉ. એચ.પી. કુમાર સાથે એમ.ઓ.યુ. થશે જે સુરતના ઉદ્યોગ સાહસિકોના વિકાસ માટે મહત્વના બની રહેશે. દિપ પ્રાગટય બાદ ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાએ સુરત વિષે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપ્યું હતું. જેમાં સુરતના ઔદ્યોગિક વિકાસની ઝાંખી જોવા મળી હતી. તેમણે ચેમ્બરની સ્થાપનાથી લઈને તેના વિકાસની ઝાંખી રજુ કરતુ પ્રેઝન્ટેશન ધ્વારા ચેમ્બરની પ્રવૃત્તિ તેમજ ભરૂચ થી ઉમરગામ સુધીના ઉદ્યોગ

સાથેના ચેમ્બરના સંબંધોની રજૂઆત કરી હતી ત્યારબાદ તેમણે જાન્યુઆરી–૨૦૧૧ માં યોજાના જેમ એન્ડ જવેલરી પ્રદર્શન સ્પાર્કલ–૧૧ ની રૂપરેખા દર્શાવતા પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.

ફીયાસ્વીના ચેરમેન તથા ચેમ્બરના ભૂતપુર્વ પ્રમુખ શ્રી અરૂણભાઈ જરીવાળાએ તેમના વકતવ્યમાં એન.એસ.આઈ.સી. સાથેના તેમના જૂના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને કહયું હતુ કે એન.એસ.આઈ.સી. સુરત સાથે સંકળાય તે સુરત અને દક્ષિણ ગુજરાતના એમ.એસ.એમ.ઈ. સેકટર માટે ખૂબ મહત્વની બાબત બનશે. તેમણે એમ પણ કહયું હતુ કે સુરતએ સૌથી યુવા વસ્તી વાળુ શહેર છે અને સૌથી વધુ યુવા સાહસિકો પણ આ શહેરમાં છે. ત્યારે ટેક્ષ્ટાઈલ અને ડાયમંડ સિવાયના ક્ષેત્રમાં આવનારા નવા સાહસિકો માટે આ એમ.ઓ. યુ. આશિર્વાદરૂપ બની રહેશે.

ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહેતાએ આભારવિધી સાથે કાર્યક્રમનુ સમાણન કર્યુ હતું.